વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના આર્થિક વિકાસ માટે ભારત સરકાર તરફથી મળેલ ખાસ કેન્દ્રીય સહાય ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:એસસીએ/૧૦૨૦૧૯/૧૯૯૫૭૪/ક
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૧/૨૦૨૧

13 JAN 2021

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનો તા.૨૪/૦૩/૨૦નો હુકમ ક્રમાંક: ૧૧૦૧૪-૧૦-૨૦૧૯-SCD-II

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનો તા.૧૪/૧૦/૧૯નો પત્ર ક્રમાંક: ૧૧૦૧૪-૦૪-૨૦૧૯-SCD-II (Pt. I)

(૩) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના તા.૦૫/૦૭/૧૯ના પત્ર ક્રમાંક: અવિકો-નાણાં-૨૦૧૯-૨૦-૧૨૩૬

(૪) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના તા.૧૯/૦૬/૨૦૧૯ના પત્ર ક્રમાંક: અવિકો-નાણાં-૨૦૧૯-૨૦-૪૪૩

(૫) ડીરેક્ટરશ્રી, ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનના તા.૧૯/૦૬/૧૯ના પત્ર ક્રમાંક: સીઈડી-વહટ-૨૦૧૯-૧૫૨૫

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનો તા.૨૩/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ૧૧૦૧૪-૧૬/૨૦૨૦-SCD-II (SCA to SCSP)

આ મુ ખ :-

ભારત સરકારની SCA to SCSP યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) સામેના તા.૦૫/૦૭/૧૯ અને ક્રમાંક: (૪) સામેના તા.૧૯/૦૬/૧૯ના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના પત્રથી અનુક્રમે રૂ.૨૪૫૦.૦૦ લાખ અને રૂ.૧૨૦૦.૦૦ લાખના એક્શન પ્લાન મોકલી આપવામાં આવેલ હતા તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૫) સામેના તા.૧૯/૦૬/૧૯ ડીરેક્ટરશ્રી, ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનના પત્રથી રૂ.૨૫.૦૦ લાખના એક્શન પ્લાન મોકલી આપવામાં આવેલ હતા તેમજ વખતોવખત ડૉ.આંબેડકર અનુસૂચિત જાતિ રીસર્ચ સેન્ટરના રૂ.૧૦૦.૦૦ લાખના અને એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીસ્ટ્યુટ ઓફ ઈન્ડીયા(EDII) દ્વારા રૂ.૭૫.૦૦ લાખના એક્શન પ્લાન મોકલી આપવામાં આવેલ હતા. પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૧૪/૧૦/૧૯ના પત્રથી તા.૨૦/૦૯/૧૯ના રોજ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની અધ્યક્ષતામાં યોજાયેલ ચોથી PAC(Project Appraisal Committee)ની બેઠકમાં રાજ્ય સરકારે સદરહુ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે રજૂ કરેલ કુલ રૂ.૩૮૫૦.૦૦ લાખના એક્શન પ્લાન પૈકી ડૉ.આંબેડકર એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ સેન્ટરના કુલ રૂ.૧૨૦૦.૦૦ લાખ સિવાયની તમામ પ્રવૃત્તિ(Activities)ને એટલે કે કુલ રૂ.૨૬૫૦.૦૦ લાખની રકમને ગાઈડલાઈન્સ મુજબ અને અન્ય શરતોને આધીન નોશનલ ફાળવણી કરવાની ભલામણ કરેલ હતી. ત્યારબાદ વંચાણે લીધેલ

ક્રમાંક: (૧) સામેના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૨૪/03/૨૦ના હુકમથી SCA to SCSP યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે કુલ રૂ.૨૬૫૦.00 લાખની ગ્રાન્ટ મંજૂર કરી રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૯-૨૦ માટે મંજૂર થયેલ એકશન પ્લાન ગાઈડલાઈન્સને અનુરૂપ ન હોવાથી ભારત સરકારની સૂચના મુજબ નવેસરથી રૂ.૨૪૫૦.00 લાખનો એકશન પ્લાન ભારત સરકારને રજૂ કરેલ હતો. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૬) પરના ભારત સરકારના પત્રથી રૂ.૨૪૫૦.00 લાખના રીવાઈઝ એકશન પ્લાનને મંજૂરી મળેલ છે જે ધ્યાને લઈને ગ્રાન્ટ ફાળવવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે ખાસ કેન્દ્રીય સહાય ફાળવણી અન્વયે સને ૨૦૧૯-૨૦ માટે અનુસૂચિત જાતિના લોકોને સ્વરોજગારી મેળવવા શક્તિમાન બનાવવા ખાસ અંગભુત યોજના હેઠળ મંજુર થયેલ ગ્રાંટ નાણાં વિભાગ દ્વારા નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

| સદર | જોગવાઇ | નાણા વિભાગે ફાળવેલ કુલ ગ્રાન્ટ | વિભાગની માંગણી |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૦૯૫-૨૨૨૫-૦૧-૭૯૩-૦૧ | ૧૦૦૦.૦૦ | ૨૫૮૩.૧૦ | ૨૩૮૩.૧૦ |
| ૦૯૫-૨૨૫૧-૦૦-૭૯૩-૦૧ | ૬૬.૯૦ | ૬૬.૯૦ | ૬૬.૯૦ |
| કુલ | ૧૦૬૬.૯૦ | ૨૬૫૦.૦૦ | ૨૪૫૦.૦૦ |

નાણા વિભાગે ફાળવેલ ગ્રાંટ રૂ.૨૬૫૦.00 લાખ છે પરંતુ ભારત સરકાર દ્વારા રૂ.૨૪૫૦.00 લાખના રીવાઈઝ એકશન પ્લાનને મંજૂરી મળેલ હોવાથી કોલમ નં. ૩ મુજબની કુલ ગ્રાન્ટ એટલે કે રૂ. ૨૬૫૦.00 લાખ પૈકી કોલમ નં. ૪ રૂ.૨૪૫૦.00 લાખ ની ગ્રાંટ નીચેની શરતોને આધિન મંજૂર થયેલ એક્શન પ્લાન મુજબ સંબંધિત નિગમો/ કચેરીઓ/ સંસ્થાઓના હવાલે મૂકવા માટે નિયામકશ્રી(અજાક)ને ફાળવવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

રૂ.૨૪૫૦.00 લાખ પૈકી રૂ. ૧૦૬૬.૯૦ લાખની ગ્રાન્ટ બજેટ જોગવાઈની મર્યાદામાં તથા બાકીની રૂ.૧૩૮૩.૧૦ લાખની રકમ સુધારેલ અંદાજમાં સરભર કરવાની શરતે બજેટ જોગવાઈ ઉપરાંત વધારાના અધિકૃત કરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૧૯-૨૦ માટે ફાળવવામાં આવેલ ખાસ કેન્દ્રીય સહાયની ગ્રાંટ ઉપયોગીતાના પ્રમાણપત્રો(યુ.ટી.સી.) સત્વરે મોકલી આપવાના રહશે.

(૨) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે SCA ની ગ્રાંટ આ નિગમ તેઓની ધિરાણની જે યોજનાના લાભાર્થીઓ માટે સબસીડી પેટે આપવાના હોય તે સઘળા લાભાર્થીઓની સંપૂર્ણ વિગતો રજુ કરી તેની મંજુરી મેળવ્યા બાદ આ ગ્રાન્ટનો ઉપયોગ

કરી શકશે. તે શરતે આ ગ્રાન્ટ નિગમને ફાળવવાની રહશે.

(૩) ઉપર્યુક્ત દર્શાવેલ રકમ ખાસ કેન્દ્રીય સહાયની ફાળવણી દર્શાવેલ છે. ચાલુ નાણાકીય વર્ષની બજેટ ગ્રાંટની ફાળવણી વિભાગની બજેટ શાખા દ્વારા કરવામાં આવે છે. સબંધિત ફાળવણી પ્લાન સદર મુજબની ધ્યાને લેવાની રહેશે.

(૪) ઉપર્યુક્ત ફાળવેલ ખાસ કેન્દ્રીય સહાય (ગ્રાંટ) માંથી કરેલ ખર્ચના ત્રિમાસિક પ્રગતિ અહેવાલો નિયત પત્રકમાં ખાતાના વડાએ આ વિભાગને દરેક ત્રણ માસના અંતે ૫ મી તારીખ સુધીમાં અચૂક મોકલી આપવાના રહશે. સાથે ઉપયોગિતા પ્રમાણપત્રો (UTC) પણ તાત્કાલિક મોકલી આપવાના રહશે. તેમજ સહાય આપેલ લાભાર્થીઓની માહિતી પણ આ વિભાગને પૂરી પાડવાની રહશે. તેમજ લાભાર્થીઓની વિગતો આ વિભાગની વેબસાઇટ પર મૂકવા જરૂરી વિગતો/કચેરી/નિગમે અત્રે પૂરી પાડવાની રહશે.

(૫) ખાસ કેન્દ્રીય સહાયનો ઉપયોગ ભારત સરકારની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર તેમજ ભારત સરકારની અદ્યતન ગાઇડ લાઇન્સને ધ્યાને લઇને અનુસૂચિત જાતિની વસ્તીના વિસ્તારમાં તે વિસ્તારની વસ્તીના આર્થિક વિકાસ સાથે સીધી રીતે સંકળાયેલ આવક ઉપાર્જિત વિકાસ કાર્યક્રમ હાથ ધરવા માટે કરવાનો રહેશે.

(૬) આ ખાસ કેન્દ્રીય સહાય જે હેતુ માટે ફાળવેલ હોય તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહશે. તે સિવાય અન્ય હેતુ/સ્કીમ માટે ઉપયોગ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે માટે અગાઉથી આ વિભાગની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૭) ભારત સરકારની સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટેની સ્થાઇ સુચનાઓ મુજબ ખાસ કેન્દ્રીય સહાયને મંજુર થયેલ રકમ માંથી સ્કીલ ડેવલપમેન્ટ માટે પણ ખર્ચ કરવાનો રહેશે તથા તે અંગે ના નિયત પત્રકોમાં પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

(૮) ખાસ કેન્દ્રીય સહાય અંગેનો ખર્ચ તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૦૮/૦૬/૨૦૨૦ અને અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૮/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhumika

(ભૂમિકા એચ. પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત કલ્યાણ ખાતુ, ૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.), સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(બજેટ, રોકડ) સામાજિક ન્યાય અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ૧૦/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ડીરેક્ટરશ્રી, ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન(CED), બ્લોક નં.૧/૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

- ડીરેક્ટરશ્રી, આંત્રપ્રિન્યોર્શિપ ડેવલોપમેંટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા(EDII), મુ.પો. ભાટ, જિ.ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ- ૨૦૨૧.